ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૭-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

# પર્વોની જુગલબંધી : કોમી એકલાસનો સંદેશ

મુસ્લિમોનો સૌથી પાક-પવિત્ર રમજાન ઉતરી રહ્યો છે અને હિંદુઓનો પુણ્યવંતો શ્રાવણ બેસી ગયો છે. શ્રાવણ ફક્ત શિવ ભક્તોનો જ મહિનો નથી, એ કૃષ્ણ જન્મોત્સવનું અને રક્ષાબંધનનું પર્વ પણ છે. તો વળી પાવસ ઋતુ લેખે એ ઝૂલા ઝૂલવાનો, પ્રણયોત્સવ પણ છે. રમજાન અને શ્રાવણ ક્યારેક લગોલગ આવી જાય છે તો ક્યારેક બેઉ વચ્ચે અંતર પડી જતું હોય છે. એનું કારણ છે હિંદુ અને ઇસ્લામી પંચાંગ વચ્ચેનો ફરક. ઇસ્લામિક વર્ષ ચાંદ્ર વર્ષ છે, એ બીજના ચાંદ સાથે આરંભાય છે અને અમાસે પૂરો થાય છે. બીજથી નવો માસ શરૂ થતો હોઇ આપણે જેને પૂર્ણચંદ્રને કારણે પૂનમ કહીએ છીએ તે ઇસ્લામની 'ચૌદહવીં' બની રહે છે. યાદ કરો પેલું યાદગાર ફિલ્મી ગીત : ચૌદહવીં કા ચાંદ હો તુમ... શ્રાવણને ઓગસ્ટ સાથે પણ સીધો સંબંધ છે. ઓગસ્ટ ક્રાંતિનો ઐતિહાસિક માસ ગણાય છે. એ આપણા સ્વાતંત્ર્ય પર્વનો મહિનો છે. ભારતીય સંસ્કૃતિ એ કોઇ સંકુચિત સાંપ્રદાયિક વિચારસરણીને વરેલી બંધિયાર સંસ્કૃતિ નથી. એ સમુદ્ર જેવી ઉદાર છે અને આકાશ જેટલી અનંત છે. તમામ દિશાઓમાંથી આવતા ઉમદા વિચારોને એ આવકારતી અને સ્વીકારતી રહી છે. ઉત્તર ભારતની બે પવિત્ર નદીઓ - ગંગા અને યમુનાના નામ પરથી આપણી આ સભ્યતા 'ગંગા-જમની તહેજીબ' ના હુલામણા નામે ઓળખાતી રહી છે. તેથી આપણા શાસ્ત્રીત સંગીતમાં જે મોટાં મોટાં નામ છે એ બધા મુસલમાન હોવા છતાં રાધાકૃષ્ણ અને શિવનું સ્તવન કરે છે. રામલીલામાં રામનું પાત્ર ભજવતાં મુસ્લિમ કલાકારને ગૌરવની અનુભૂતિ થાય છે. રાહી માસૂમ રઝા 'મહાભારત' જેવી ધાર્મિક શ્રેણીના સંવાદો લખે છે અને મૂળે યુસુફખાન અને દિલીપ કુમારના નામે જગપ્રસિદ્ધ અભિનેતા ધોતિયું પહેરીને અદના હિંદુસ્તાની ગામડિયાનું અદ્દલ પાત્ર ભજવી જાણે છે. 'ગોપી' જેવા ચલચિત્રમાં એમના પર ફિલ્માયેલું ગીત 'રામચંદ્ર કહ ગયે સિયા સે' - સાંભળનાર પર એમની સાથે તરબોળ બની ઝૂમી ઊઠે છે. હિંદુસ્તાનમાં રહેનાર તમામ નાગરિકો હિંદુ જ ગણાય - એવી ગોવાના ખ્રિસ્તી નાયબ મુખ્યમંત્રીની રજૂઆત ભાવાર્થની રૂએ જરા પણ ખોટી નથી. હિન્દુત્વને હવે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ ધર્મ કરતાં વિશેષ રાષ્ટ્રીયતાના સંદર્ભે મૂલવે છે. જો આટલી સાદી સમજણ સાથે હિન્દુ-મુસલમાન સહિત તમામ ભારતીય નાગરિકો સુલેહ શાંતિથી રહે તો સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવાનો અવકાશ જ ન રહે. ખાટલે ખોડ એટલી જ કે રાજકારણીઓ - પછી તે રાષ્ટ્રીય પાર્ટીઓના હોય કે પ્રાદેશિક પક્ષોના ધર્મસંપ્રદાયના નામે ધ્રુવીકરણનું રાજકારણ ખેલી એમની સત્તાભૂખ સંતોસવા કારસા કરતાં રહે છે. ઉત્તરપ્રદેશ આખું કોમી આગમાં શેકાઇ રહ્યુ છે. સહારનપુર - કાંઠનાં તાજાં રમખાણો પછી એ આગ વધુ પ્રસરશે એવી દહેશત ફેલાઇ ગઇ છે. મુઝફ્ફરનગરનાં કોમી રમખાણો રાજકારણ પ્રેરિત અને એ ભાજપની તરફેણમાં ગયાં હતા તે કોણ નથી જાણતું? ગુજરાત જેવા શાંત અને સમૃદ્ધ પ્રદેશની છાપ આવાં જ સ્વાર્થી અને તોફાની તત્ત્વોએ બગાડી છે. અહિંસા અને સત્યનો આગ્રહ કયા ધર્મમાં નથી? કુરાનમાં એવું શું છે જે ગીતામાં નથી? જૈન ધર્મ તો સનાતન હિંદુ ધર્મ કરતાં પણ અહિંસા અને ક્ષમા જેવા માનવતાલક્ષી મુદ્દાઓ પર વધારે ભાર મૂકે છે. એમાં 'અનેકાન્તવાદ'નું પ્રતિપાદન છે. અર્થાત્ આ પણ સાચું છે, અને તે પણ સાચું હોઇ શકે છે. સર્વનો સ્વીકાર, તિરસ્કાર કોઇનો નહીં. આપણી આ પવિત્ર ભારતભૂમિમાં જ ઇશ્વરને પણ વારંવાર અવતરવાનું મન થયું છે. વિશ્વના તમામ ધર્માનુયાયીઓને, બલકે આક્રમણકારોને પણ આ ભૂમિએ એની અંતર્નિહિત ઉદારતાથી પોતાના બનાવીને સ્થાપ્યા છે. આવા દેશની પ્રજા પાસે અને એના મહાન ધર્મગ્રંથો પાસે બાકીની દુનિયા સંકટ સમયે માર્ગદર્શનની અપેક્ષા રાખે એમાં કોઇ જ આશ્ચર્ય નથી. શ્રાવણ અને રમજાનનાં પર્વોનું કે સંવત્સરીનું પણ એટલે જ સાંસ્કૃતિક અને સામાજિક ઔચિત્ય છે.



### પ્રદર્શનની સાથે સ્પર્ધાઓ યોજાઈ

સેક્ટર-૨૩ માં બ્રહ્માણીકૃપા હોલમાં ફિલાટેલી એક્ઝીબિશન યોજાયું હતું. જે અંતર્ગત બે દિવસ બાળકો માટે ચિત્ર, ફેન્સી ડ્રેસ અને ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મન મુકીને સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ સ્થાન મેળવેલ વિદ્યાર્થીઓને પોસ્ટલ વિભાગ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે પત્રકારત્વના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

## પત્રકારત્વ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડવા ઉપયોગી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં કોર્સ : તાલીમનો સમય સાંજનો હોઈ નોકરિયાત કે ધંધાર્થી પણ કરી શકે છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૧૫માં આવેલ પ્રતિષ્ઠિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પત્રકારત્વ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ચલાવવામાં આવી રહ્યો છે. આ અભ્યાસક્રમમાં હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે. જેમાં કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ આ કોર્સમાં પ્રવેશ મેળવીને ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી શકે છે. વળી, આ કોર્સ અંતર્ગત તાલીમનો સમય સાંજનો હોઈ નોકરિયાત વ્યક્તિઓ પણ આ અભ્યાસક્રમ કરી શકે છે.

હાલના સમયમાં પત્રકારત્વ એ ખૂબ જ ચેલેન્જીંગ અને મોસ્ટ હેપનીંગ ક્ષેત્ર ગણાય છે, આ ઉપરાંત આ ક્ષેત્ર પ્રેસ્ટીજીયસ અને ગ્લેમરસ પણ કહેવાય છે. તાલીમ પામેલા પત્રકારોની આજે દેશમાં અને સમગ્ર દુનિયામાં તાતી જરૂરિયાત છે. અને સારા પત્રકારો દુનિયાના કોઈપણ પ્રચાર-પ્રસાર માધ્યમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે છે. કોઈ પણ વિદ્યાશાખાના વિદ્યાર્થી તેના ક્ષેત્રે પત્રકારત્વનો ઉમેરો કરી એક ઉજ્જવળ કારકિર્દી ઘડી શકે છે. ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પોષ્ટ ગ્રેજ્યુએટ ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનો એક વર્ષનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી સરકારી, અર્ધસરકારી કે ખાનગી નોકરી પણ મેળવી શકે છે. આ અભ્યાસક્રમમાં પત્રકારત્વ ક્ષેત્રના અગ્રણી અને અનુભવી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

આ અભ્યાસક્રમનો સમય સાંજનો હોઈ કોઈપણ નોકરિયાત, ધંધાર્થી કે અન્ય રીતે વ્યસ્ત વ્યક્તિ પણ કોર્સ સરળતાથી કરી શકે છે. હાલ આ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે. અને વધુ માહિતી માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પત્રકારત્વ વિભાગના કોર્સ કો-ઓર્ડિનેટર મિતેષ મોદીનો સંપર્ક સાધી મેળવી શકાય છે. તેમનો સંપર્ક નંબર -૯૪૨૭૮૩૨૭૮૫ છે.

# ચૌધરી કોલેજમાં સ્વાસ્થ્ય અંતર્ગત સેમિનાર યોજાયો


ગાંધીનગર, તા. ૨૭

ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ફિટનેશ અવરનેશ સેમિનાર યોજાયો હતો. સી.ડબલ્યુ.ડી.સી. અને સપ્તધારાના સંયુક્ત ઉપક્રમે નગરના જાણીતા ફિઝિયોથેરાપીસ્ટ ડો. હાર્દિક તલાટીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

સેક્ટર-૭માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સ્વાસ્થ્ય જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારનું સી.ડબલ્યુ.ડી.સી. અને વ્યાયામ ધારા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના જાણીતા ફિઝીયોથેરાપીસ્ટ ડો. હાર્દિક તલાટી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે હાડકાને કેવી રીતે મજબૂત બનાવી શકાય, તેમજ વિવિધ કસરતો જણાવી હતી.

સેમિનારમાં ઓસ્ટ્રી-ઓપોરાયસીસ, સ્ટ્રેસ અને ખાસ કરીને મહિલાઓમાં જોવા મળતી હાડકા પોચા થવાની સમસ્યા વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. સેમિનારમાં કોલેજની ચારસો વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. તેમજ રેડક્રોસ સોસાયટીના મહેલુ શાસ્ત્રી, પ્રકાશભાઈ ચૌધરી, પ્રા. મીનાબેન વ્યાસ, પ્રા. સોનલ મોદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આોયજન ડો. લીના સ્વાદિયા અને આભારવિધિ પ્રા. વિનુભાઈ ચૌધરીએ કરી હતી.

## હરિની દૃષ્ટિ...



હે મહાદેવ મારી વાઇફ એવી સદ્બુદ્ધિ આપજે કે મને ભક્તિમાં આખો મહિનો સહાય કરે... મને રોજ ફરાળ બનાવી આપે...!!

# ગુજરાત વણકર સમાજ ૧૯મો જીવનસાથી પસંદગી મેળો યોજશે, તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વણકર સેવા સમાજ ૧૯મો જીવનસાથી પસંદગી મેળો યોજશે. તેમજ સમાજની શાન સમા ગૌરવવંતા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરશે. લગ્નોત્સુક યુવક-યુવતિઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓએ માહિતી પ્રતિનિધિ પાસે મોકલી આપવા જણાવ્યું છે.

સમગ્ર ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા આગામી સમયમાં ૧૯મો જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવનાર છે. જે અંતર્ગત લગ્નોત્સુક યુવક-યુવતિઓએ નિયત નમુનામાં બાયોડેટા પહોંચાડવાનો રહેશે. સાથે સાથે સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે ધોરણ-૧૦,૧૨માં ૮૫ ટકા તેમજ સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ ૫૫ ટકા મેળવ્યા હોય તેમનું સન્માન કરવામાં આવશે. ઉપરોક્ત બન્ને કાર્ય માટે તા. ૩૧ ઓગષ્ટ સુધી માર્કશીટની પ્રમાણિત નકલ તેમજ બાયોડેટા દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨ સેક્ટર-૭-બી, નરોત્તમ પરમાર, કાન્તાબેન ડોડિયા, આનંદનગર સેક્ટર-૨૭ તેમજ ચંપાબેન વાઘેલા સેક્ટર-૨નો સંપર્ક કરવા દશરથલાલ પરમારે જણાવ્યું છે.

# સેક્ટર-૨૭માં આજે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

રૂદ્રાભિષેક મંડળના શ્રી જયંતિલાલ આર. ત્રિવેદીના નિવાસસ્થાને પ્લોટ નં. ૯૫૬, શિવશક્તિ સોસાયટી સેક્ટર-૨૭માં તા. ૨૮મી જુલાઈના સાંજે ૫.૦૦ વાગે લઘુરૂદ્ર રાખેલ છે. મહામંડળના રૂદ્રાભિષેક મંડળ જણાવેલ છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. અલ-શબાબ આતંકવાદી સંગઠન કયા દેશમાં સક્રિય છે?
→ સોમાલીયા

૨. એન્ટીસિપેટીંગ ઈન્ડિયા - ધ બેસ્ટ ઓફ નેશનલ ઈંટરેસ્ટ નામના પુસ્તકના લેખક કોણ છે?
→ શેખર ગુપ્તા

૩. વર્ષ ૨૦૧૪માં ભારતીય મૂળના કયા વિદ્યાર્થીએ નેશનલ જીયોગ્રાફીક બી (Natioanl Geographic - Bea) સ્પર્ધા જીતી હતી?
→ અખિલ રેકૂલપેલ્લી

૪. તાજેતરમાં ભારતના મહાવાણિજ્ય દૂતાવાસ ઉપર આતંકવાદી હુમલો થયો હતો તે મહાવાણિજ્ય દૂતાવાસ અફઘાનિસ્તાનમાં કયા સ્થળે આવેલું છે?
→ હેરાત

૫. સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ કયારે મનાવવામાં આવે છે?
→ ૨૨ જૂલાઇ

૫. તાજેતરમાં ભારતીય મહિલા બેંકના અધ્યક્ષ તરીકે કઇ મહિલાની પસંદગી કરવામાં આવી છે?
→ ઉષા અનંત સુબ્રમણિયમ

૬. વર્ષ ૨૦૧૪માં કયા વન્યજીવ અભ્યારણ્યને ૪૭માં વાઘ રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે?
→ બોર વન્યજીવ અભ્યારણ્ય

૭. તાજેતરમાં આંધ્રપ્રદેશનાં કયા ગામમાં (GAIL) (ગૈલ) ગેસ પાઈપલાઇનમાં વિસ્ફોટ થતાં ૧૫ લોકોનાં મોત નિપજ્યા હતા?
→ નાગારામ

૮. બેડમિન્ટન ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ ૨૦૧૪નો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
→ સાઇના નહેવાલ

૯. તાજેતરમાં ભારતીય આંતરરાષ્ટ્રીય ચામડા (ચામડુ) મેળો કયાં યોજાયો હતો?
→ દિલ્હી

૧૦. ફર્સ્ટ સિટિઝન : રાષ્ટ્રપતિ ભવનમાં પ્રણવ મુખર્જી નામની પુસ્તક કઇ પ્રકાશન સંસ્થા એ છાંપી છે?
→ ધ વીક

૧૧. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતે આવેલા અમેરિકી સેનેટર કોણ હતું?
→ જોન મૈકેન

૧૨. સમગ્ર વિશ્વમાં મારકેશ (Marrakesh) સંધિને લાગુ કરનાર પ્રથમ દેશ કયો છે?
→ ભારત

૧૩. તાજેતરમાં ભારતનાં ગરીબી રેખા નક્કી કરવા માટે કઇ સમિતિની રચના કરવામાં આવી છે?
→ રંગરાજન સમિતિ

૧૪. વર્ષ ૨૦૧૪માં 'નાસા' એ કાર્બન ડાયોકસાઈડને માપવા માટે કયા ઉપગ્રહને અંતરીક્ષમાં છોડ્યો છે?
→ ઓરબિટિંગ કાર્બન અબ્ઝ્વેટરી-૨

૧૫. ભારતનું સૌથી પ્રદૂષિત શહેર કયું છે?
→ ન્યુ દિલ્હી

૧૬. PSLV-C-23 રોકેટ કયા અંતરીક્ષ કેન્દ્રથી છોડવામાં આવ્યું છે?
→ શ્રીહરિકોટા

૧૭. ૨૦૧૪અમેરિકાએકયાંભારતીયવૈજ્ઞાનિકના નામ પર એન્ટાર્કટિકામાં પર્વતનુંનામ રાખ્યુંછે?
→ આખૌરી સિન્હા

૧૮. તાજેતરમાં વિશ્વના કયા દેશની સેનાએ આતંકવાદીઓનાં વિરૂદ્ધમાં 'ઓપરેશન જાર્બ એ અજબ' શરૂ કર્યું છે?
→ પાકિસ્તાન

૧૯. ૨૦૧૪માં વિશ્વના કયા દેશે ભારતને ૧ બિલિયન યુરોની સહાય આપવાની જાહેરાત કરી છે?
→ ફ્રાંસ

૨૦. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
→ ૨૩ જૂન

# અથાગ પ્રયત્ન કરવા છતાં શું આપણે ચાર દિવાલ વચ્ચે થતી હિંસા ખરા અર્થમાં રોકી શક્યા છીએ ખરાં?

## મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

આપણે મહિલાઓને સ્પર્શતા કાયદા સંદર્ભે આ કોલમમાં ચર્ચા કરી રહયા છીએ. ખાસ કરીને મહિલાઓ અને તેમના પર થતા અત્યાચાર એ સાંપ્રત સમયમાં બહુ ચર્ચીત બાબત છે. સ્ત્રીઓને ચાર દિવાલ વચ્ચે થતી હિંસા એ બાબત ઉપર તો રાજય અને દેશમાં કેટલી બધી ચર્ચા સભાઓ થઈ કે એક સામાન્ય સ્ત્રીને ચોકકસ પણે લાગવા મંડયું કે સ્ત્રી જગત માટે ૨૧ મી સદીમાં એક સોનાનું કિરણ પોતાનો પ્રકાશ ફેલાવી રહયું છે.

સવાલ એ છે કે અનેક મહિલા સંગઠનો, સમાજ સેવી સંસ્થાઓ અને સમાજના ક્રિયાશીલ આગેવાનો એ સામુહિક રીતે ચાર દિવાલ વચ્ચે એટલે કે સ્ત્રીઓને એક ઘરની અંદર જે હિંસાનો સામનો કરવો પડે તે બાબતે અથાગ પ્રયત્નો કરવા છતા શું આપણે ચાર દિવાલ વચ્ચે થતી હિંસા ખરા અર્થમાં રોકી શકયા છીએ ખરા?

આપણે રીટા અને હેરશના કેસની ચર્ચા કરી રહયા હતા. એક ત્યકતા સ્ત્રીને તેમના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે એ કાયદાકિય જોગવાઈ આપણે અગાઉના અંકોમાં કરી છે. એક નિરાધાર મહિલા ભરણપોષણની અરજી અદાલતમાં દાખલ કરે પરંતુ જયાં સુધી અદાલતમાં હુકમ ન થાય ત્યાં સુધી ભરણપોષણ વસુલ મળે નહી. તે કડવી વાસ્તવિકતા છે. રીટાના કેસમાં આપણે જોયું કે રીટાના મન પણ આવો સવાલ મુંઝવતો હતો અને તેથી જ રીટા એ પૂથમ આત્મનિર્ભર થવાનો રસ્તો અપનાવવાનું નકકી કર્યુ હતું. આ રીટાનું નામ અહીંયા બદલાવીને લખેલ છે. સમાજમાં આ પૂકારની અનેક રીટા હયાત છે. આપણે તેની સ્વમાનભેર જીંદગી જીવવાની બાબતને સલામ કરીએ.

રીટાના કેસમાં રીટા આત્મનિર્ભર પણ થાય છે અને રીટા ભરણપોષણની અરજી પણ દાખલ કરે છે. અદાલત દ્વારા ભરણપોષણ સંદર્ભે રીટાની તરફેણમાં હુકમ પણ થાય છે. ચાલો આપણે ભરણપોષણની વસુલાત સંદર્ભે માહિતી મેળવીએ.

ભરણપોષણ વસુલાત અંગે કૂીમીનલ પૂોસીજર કોડની કલમ ૧૨૫(૩) માં જોગવાઈ કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

૧૨૫(૩) ભરણપોષણની વસુલાત :

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫માં ભરણપોષણ અંગે જોગવાઈ કરવામાં આવી છે જયારે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨૫ અંતર્ગત ભરણપોષણની રકમ નકકી થઈ જાય અને અદાલત દ્વારા અરજદારની તરફેણમાં ભરણપોષણનો હુકમ થાય અને જયારે સામાપક્ષે આવી ભરણપોષણની રકમની વસૂલાત ન આપવામાં આવે ત્યારે તેની તરફેણમાં ભરણપોષણનો હુકમ થયો છે તેવી વ્યકિત ભરણપોષણ વસુલ મેળવવાની અરજી અદાલતમાં દાખલ કરી શકે છે. ભરણપોષણ વસૂલાત સંદર્ભે કાયદાકીય જોગવાઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫(૩) માં કરવામાં આવી છે અને પતિની સામે જે પત્ની અને બાળકોની તરફેણમાં ભરણપોષણનો હુકમ થયો હોય અથવા વૃદ્ધ માતાપિતાની તરફેણમાં અને તેના સંતાનોની સામે આવો ભરણપોષણનો હુકમ થયો હોય ત્યારે હુકમ થયા છતાં જેણે હુકમ મુજબ ભરણપોષણ વસુલાત આપવાનું છે તે વ્યકિત ભરણપોષણ ચૂકવવામાં બેદરકારી દર્શાવે એટલેકે અદાલતનો હુકમ હોવા છતાં ભરણપોષણની રકમ ન ચૂકવે તો તેઓની સામે અદાલતમાં ચડત ભરણપોષણ વસૂલ મેળવવાની કાર્યવાહી કરવામાં આવે છે. આવી અરજીના મથાળે "ભરણપોષણ વસૂલ મેળવવાની અરજી" એમ લખવામાં આવે છે, આવી વસૂલાતની અરજી ઉપર વસૂલાતની રકમ મુજબ કોર્ટ ફી હોતી નથી પરંતુ અદાલતમાં સામાન્ય અરજી ઉપર જે ટિકીટ લગાડવામાં આવે તે મુજબ જ કાર્યવાહી કરવાની હોય છે. આવી અરજી દાખલ કરતી વખતે અરજદારે જે તારીખથી ભરણપોષણ મંજૂર થયું હોય તે તારીખથી પૂતિ માસની ભરણપોષણની રકમ ચૂકવવા અદાલતે હુકમ કર્યો હોય તે રકમ વસુલ લેવા અરજદાર અરજી દાખલ કરી શકે છે. જેમકે ઈલાબેનની તરફેણમાં અને તેના પતિ મનોજ વિરુધ્ધ નામદાર કોર્ટ દ્વારા રૂા.૧૦૦૦/- ભરણપોષણ ચુકવવાનો હુકમ થયો હોય અને આવો હુકમ મહતમ કેસોમાં અરજીની દાખલ તારીખથી ભરણપોષણ ચૂકવવાનો હોય છે એટલે કે જો ઈલાબેને તા.૦૧/૦૧/૨૦૦૨ ના રોજ અદાલતમાં ભરણપોષણની અરજી દાખલ કરી હોય અને ઈલાબેનનો કેસ ચાલીને ઈલાબેનને પ્રતિમાસ રૂા.૧૦૦૦/- ભરણપોષણની અરજી તારીખથી મંજૂર થયું હોય અને હુકમ તા.૩૦/૦૩/૨૦૦૩ ના રોજ થયો હોય તો ઈલાબેનને તા.૦૧/૦૧/૨૦૦૨ થી જયારે વસૂલાતની અરજી દાખલ કરે ત્યાં સુધી દર માસે રૂા.૧૦૦૦/- ની ભરણપોષણની રકમ વસૂલ મેળવવા હકદાર બને છે. ઈલાબેન જો આવી અરજી તા. ૦૧/૦૫/૨૦૦૩ ના રોજ દાખલ કરે તો તેણી તા.૦૧/૦૧/૨૦૦૨ થી તા.૦૧/૦૫/૨૦૦૩ સુધીનું ભરણપોષણ વસુલ મેળવવા અરજી દાખલ કરી શકે છે. આ લખવાનો આશ્રય એ છે કે સામાન્ય રીતે ૧૨ માસથી વધુ સમયની રકમની વસૂલાત આ કલમ મુજબ થઈ શકે નહીં, પરંતુ જો ભરણપોષણની અરજી ચાલતા વધારે સમય નીકળી ગયો હોય એટલે કે ૧૨ માસથી વધારે સમય થઈ ગયો હોય તો પણ હુકમ થયો હોય તેના ૧૨ માસમાં વસૂલવાની અરજી થઈ શકે.

ક્રિમીમલ પ્રોસીજરની કોડની કલમ ૧૨૫(૩) અંતર્ગતની કાર્યવાહી દરમ્યાન સૌ પ્રથમ સામાપક્ષને અદાલતમાંથી આવી રકમ વસૂલ આપવા નોટિસ કરવામાં આવે છે. સામાપક્ષમાં હાજર થઈને પતિ એવું જણાવે છે પત્નીને પોતાની સાથે રાખવા તૈયાર છે તો અદાલત પતિની આવી દરખાસ્ત ખરેખર શુદ્ધબુદ્ધિપૂર્વક થઈ છે કે કેમ તેની તપાસ પૂરાવો લઈને કરી શકે છે.

વસૂલાતની કાર્યવાહી દરમ્યાન અદાલતમાં હાજર થાય પરંતુ જો ભરણપોષણની રકમ ભરવા ઈન્કાર કરે અને ભરણપોષણની રકમ વસૂલ ન આપે તો પતિની જંગમ મિલકતમાંથી ભરણપોષણ વસૂલ મેળવવા વોરંટ નિકળી શકે એટલે કે પતિની જંગમ મિલકત, ઘર, ઘરવખતી વગેરે મિલકતમાંથી પણ ભરણપોષણ વસૂલ થઈ શકાય છે પરંતુ જયારે જંગમ મિલકતમાંથી ભરણપોષણની રકમ વસૂલ લેવાનું વોરંટ કાઢવામાં આવે ત્યારે મહતમ પલીસ મારફત એવો શેરો થઈને આવે કે 'પતિના નામે કોઈ જંગમ મિલકત નથી' અને આવો શેરો આવ્યા બાદ અરજદાર પત્ની 'પકડ વોરંટ' ની અરજી કરે છે. કહેવાનો હેતુ એ છે કે જયારે જે વ્યકિતએ ભરણપોષણની રકમ વસૂલ આપવાની છે તે ભરણપોષણની રકમ વસૂલ ન આપે અને તેની પાસે જંગમ મિલકત હોય નહીં તો આવી વ્યકિત સામે અદાલતમાંથી 'પકડ વોરંટ' કાઢવામાં આવે છે. પકડ વોરંટની પૂોસીજર એવી છે કે વ્યકિત એ જેટલી ભરણપોષણની વસુલાત આપવાની હોય તેટલી રકમ આવું પકડ વોરંટ બજતા ચૂકવી આપે તો આવી વ્યકિતને પકડવામાં આવતી નથી પરંતુ જો આવી વ્યકિત પકડ વોરંટ બજી ગયા છતાં ભરણપોષણની રકમ વસુલ આપવાનો ઈન્કાર કરે તો તેને સામાન્ય રીતે જેટલા માસનું ભરણપોષણ ચડત હોય તેટલા માસની કેદની સજા કરવામાં આવે છે પરંતુ આ સજા કેટલી કરવી તે ન્યાયધીશ ઉપર નિર્ભર છે.

ઘણાં કેસમાં સામાવાળા જેલમાં જવા તૈયાર થઈ જાય છે પરંતુ ભાગ્યે જ કોઈ કેસમાં સામાવાળો પૂરેપુરી જેલ ભોગવે છે. મહતમ કેસોમાં અરજદાર અને સામાવાળા બંનેના વડીલો આ સમયે કુણું વલણ અપનાવીને સમાધાન પણ કરી લેતા હોય છે અને આમ ભરણપોષણની રકમ વસૂલ મેળવવાની પૂોસીજર ભલે લાંબી ચાલે પણ સામાવાળાને જો અરજદાર હાથો હાથનો બીડો કઢાવીને શોધવામાં સફળ થાય તો અરજદાર ભરણપોષણ વસુલ મેળવવામાં સફળ થાય છે.

જો પતિ સરકારી કે અર્ધસરકારી નોકરી કરતો હોય તો તે જે જગ્યાએ નોકરી કરતો હોય તેના અધિકારી મારફત ભરણપોષણ વસુલાતની કાર્યવાહીમાં નોટિસની બજવણી કરી શકાય છે. આ કાયદાની વધુ વિગતો તેમજ ઉદાહરણો સાથે મળીએ આવતે અંકે...